ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૪/૨૧-૨૨/ 568 તારીખ : 18 FEB 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી પરમાર નરશીભાઈ ગભાભાઈ,**
**મહુવા છાપરી રોડ,**
**ગોબરબીટ નો કેડો,**
**દેવીપૂજક વાસ પાસે,**
**મું.કરમદીયા,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૫૪/૨૧-૨૨

**મો.નં- ૭૮૭૪૪૯૮૧૯૩.**

**વિષય : નવું ખેતીવાડી કનેકશન લગાડી ચાલુ કરી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૪/૧૦/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૬/૧૦/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૨૧-૨૨/૩૦૪૦ તા.૧૨/૧૦/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૨૧-૨૨/૧૨૮ તા.૧૩/૦૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૦૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૨, **મહુવા.**

P.G.V.C.L. Bhavnagar Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૪/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી પરમાર નરશીભાઈ ગભાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૯/૦૧/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી પરમાર નરશીભાઈ ગભાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તેમજ શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પરમાર નરશીભાઈ ગભાભાઈ, મું.ખડસલીયા, તા.મહુવા, જી.ભાવનગર ની નવું ખેતીવાડી કનેકશન લગાડી ચાલુ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૪/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૪/૨૧–૨૨/૩૦૪૦ તા.૧૨/૧૦/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૯/૦૧/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી પરમાર નરશીભાઈ ગભાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તેમજ શ્રી જી.એ.પટેલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકા ના ખડસલીયા ગામના રહેવાસી છે. તેઓ, ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના છાપરી મુકામે ખડસલીયા રોડ પર સર્વે નં–૪૮ પૈકી ૧૭ ની ખેતીવાડી જમીન ધરાવે છે.

૧.૨ તેઓએ કુવા બોર માટે નોર્મલ વારામાં એ.પી.એ. માંગણી કરી રૂ. ૨૩૬/- રજીસ્ટ્રેશનનો ચાર્જ ભરેલ. જેનો ક્રમ અનુસાર વારો આવતા સ્થળ પર સર્વે મોજણી કરવા આવેલ. ત્યારબાદ, અમો તા.૨૮/૧૦/૨૦૨૦ ના રોજ અંદાજપત્ર ના નાણાં ભરપાઈ કરેલ. જેમાં, ક્રમ અનુસાર વારો આવતા, રૂરલ–૨ ના કોન્ટ્રાકટર ના માણસો લાઈનકામ કરવા માટે મોકલવામાં આવેલ. ત્યારે, સ્થળ પર કાળુભાઈ કરશનભાઈ બાંભણીયા દ્વારા લાઈનકામમાં વાંધો પાડેલ અને લાઈન કામ કરવા દીધેલ નહી.

P.G.V.C.L. Bhavnagar

૧.૩ હાલ, આજદિન સુધી અમારૂં સદર ખેતીવાડી વિજ જોડાણ આવેલ નથી તો, ખેતીવાડી કનેકશન લગાડી પાવર ચાલુ કરી આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય–૨ પેટા વિભાગ કચેરી એ શ્રી પરમાર નરશીભાઈ ગભાભાઈ ગામ,ખડસલીયા(જમીન=છાપરી) નું નવું ખેતીવાડી કનેકશન લગાડી ચાલુ કરી આપવા બાબતની રજૂઆત મળેલ. જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અરજદાર દ્વારા પોતાની છાપરી મુકામે આવેલ ખેતીવાડી સર્વે નંબર–૪૮ પૈકી ૧૭ માં તા.૨/૩/૨૦૨૦ ના રોજ નવા ખેતીવાડી વિજ જોડાણ માટે અત્રેની ગ્રામ્ય–૨ પેટા વિભાગ કચેરીએ અરજી કરેલ. જેના અનુસંધાને અરજદાર નો એસ.પી.એ સ્કીમ હેઠળ વારો આવતા, અત્રેની કચેરી ના સ્ટાફ દ્વારા અરજદાર ની હાજરીમાં લાઈન સર્વેક્ષણ કરી પરમાર નરશીભાઈ ગભાભાઈ ને આઉટવર્ડ નંબર–૩૨૯૬ તા.૧૪/૧૦/૨૦૨૦ થી અંદાજપત્ર ફાળવવામાં આવેલ. અરજદાર દ્વારા સદર અંદાજપત્ર પહોંચ નં–૧૬૨૭૭૦/૭૧/૭૨ તા.૨૮/૧૦/૨૦૨૦ ના રોજ ભરપાઈ કરેલ.

૨.૨ જેના અનુસંધાને અરજદાર ની છાપરી મુકામે આવેલ વાદીએ અત્રેની કચેરીએથી કોન્ટ્રાકટર ના માણસો લાઈનકામ કરવા મોકલવામાં આવેલ ત્યારે સ્થળ પર સર્વે નં–૪૯ પૈકી ૨ ના માલીક કાળુભાઈ કરશનભાઈ બાંભણીયા દ્વારા લાઈનકામ માં વાંધો પાડેલ અને લાઈનકામ કરવા દીધેલ નહી. જેના અનુસંધાને અત્રેની ગ્રામ્ય –૨ પેટા વિભાગ કચેરીએથી અરજદાર ને આઉટવર્ડ નં–૧૨૯૩ તા.૧૬/૩/૨૦૨૧ થી જાણ કરવામાં આવેલ. ત્યારબાદ, અરજદાર દ્વારા તા.૧૫/૪/૨૦૨૧ ના રોજ તેનો પ્રત્યુતર આપેલ. ત્યારબાદ, અત્રેની કચેરીએથી સ્ટાફ દ્વારા રીસર્વેક્ષણ કરતા સ્થળ પર અરજદાર ને ૧૧ કે.વી. સોડવદરી ખેતીવાડી ફીડર અને ૧૧ કે.વી. બલાડ ખેતીવાડી ફીડર એમ બે જગ્યાએથી લાઈન આવી શકે તેમ છે. પરંતુ, અરજદાર નો માત્ર ૧૧ કે.વી. સોડવદરી ખેતીવાડી ફીડરમાં થી જ ખેતીવાડી વિજ જોડાણ મેળવવાનો દૂરાગ્રહ રાખે છે.

૨.૩ વધુમાં, સદર સમયગાળા દરમ્યાન મહુવા તાલુકામાં અને ગુજરાતના દરીયા કિનારાના વિસ્તારમાં ‘‘તોકત’’ વાવાઝોડું આવેલ. જેથી, નવા કનેકશન અને તેને લગતા કામો કરતા વાવાઝોડા ના લીધે ખોરવાયેલ વિજ પુરવઠા ને પુનઃસ્થાપન કરવાના કામની અગત્યતા હોય અને તમામ સ્ટાફ તથા અન્ય મેનપાવર વિજ પુરવઠો પુનઃસ્થાપન ના કાર્ય માં રોકાયેલ હોય, સદર અરજદાર ના નવા વિજ જોડાણ ની આગળ કોઈ કાર્યવાહી થઈ શકી નહી.

૨.૪ વાવાઝોડા ની કામગીરી ઓછી થતા ગ્રામ્ય–૨ પેટા વિભાગ કચેરી ના જુ.ઈ. દ્વારા અરજદાર ના સ્થળ પર તા.૧૯/૧૦/૨૦૨૧ ના રોજ કાળુભાઈ કરશનભાઈ બાંભણીયા ના વાંધા બાબતનું રોજકામ કરેલ અને સદર ફાઈલ ડી.એમ.સાહેબ સમક્ષ રજૂ કરવા માટે આઉટવર્ડ નં–૩૭૫૧ તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ કાર્યવાહી હાથ ધરેલ. આમ, સદર અરજદાર નો માત્ર ૧૧ કે.વી.સોડવદરી ખેતીવાડી ફીડરમાંથી જ ખેતીવાડી વિજ જોડાણ મેળવવાનો દૂરાગ્રહ અને કાળુભાઈ કરશનભાઈ બાંભણીયા દ્વારા લાઈનકામ માં વાંધો પાડવાને લીધે સદર અરજદાર ને વિજ જોડાણ આપવાની કાર્યવાહી થયેલ નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૫ હાલ, સદર ફાઈલ જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ રજૂ કરેલ હોય, જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ ના હુકમ/નિર્ણય આવ્યા બાદ, આગળની કાર્યવાહી કરવામાં આવશે.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી તેમજ પ્રતીવાદીની રજુઆતો જોતા જણાય છે કે સદર કેસ કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, મહુવા દ્વારા તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ને સલાહ સૂચન માટે પૂછાણ કરવા માટે મોકલેલ છે.

૩.૨ વાદી પ્રતિવાદી પાસે ફકત સોડવદરી ૧૧ કે.વી. ખેતીવાડી ફીડરમાંથી જ લાઈન ઉભી કરવાનો આગ્રહ રાખે છે.

૩.૩ આમ, સદર કેસ અંગે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ પડતર હોઈ તેઓની મંજૂરી મળ્યા બાદ જ આગળની કાર્યવાહી હાથ ધરવી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે.એમ.મહેતા)<br>સ્વતંત્ર સભ્યશ્રી | ગેરહાજર<br>(એ.એ.જાડેજા)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એન.સી.મકવાણા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– **૨૯/૦૧/૨૦૨૨.**

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar